ગાંધીનગર સમાચાર

# સાબરકાંઠા-અરવલ્લીના સાંસદ દિપસિંહ રાઠોડનો પાટીદાર આંદોલનને ખુલ્લો ટેકો

હિંમતનગર, તા. ૧૮

ગુજરાતમાં પાટીદાર આંદોલન ચરમ સીમાએ પહોંચી ચૂક્યું છે ત્યારે તેમાંય ખાસ કરીને સાબરકાંઠાના પાટીદારોએ પોતાનો અસલ મિજાજ બતાવવાનું શરૂ કર્યું છે. દરમિયાન શુક્રવારે હિંમતનગરમાં સાબરકાંઠા સાંસદે પાટીદાર અનામત આંદોલનને ખુલ્લો ટેકો જાહેર કરીને પાટીદારો પર થયેલા પોલીસ દમન અંગે સંસદમાં રજુઆત કરવા માટે લેખિત ખાતરી આપતા પાટીદારોમાં નવી ચેતનાનો સંચાર થયો છે. જિલ્લામાં ગુરૂવારે રાત્રે મહિલાઓ દ્વારા થાળીઓ ખખડાવવાના કાર્યક્રમ ચાલુ રહ્યા હતા.

એક બાજુ જિલ્લા-તાલુકા પંચાયત અને પાલિકાની ચૂંટણીઓ સંદર્ભે ભાજપ દ્વારા ચૂંટણી લડવા માંગતા ઉમેદવારોના મંતવ્યો લેવાનું ત્રણ દિવસથી ચાલી રહ્યું છે ત્યારે પાટીદાર મહિલાઓ દ્વારા હિંમતનગરના નવા સરકીટ હાઉસમાં આવી દેખાવો કરી રહી છે. આ મહિલાઓ શુક્રવારે પણ હિંમતનગરના નવા સરકીટ હાઉસ ખાતે આવી પહોંચી હતી. પરંતુ પોલીસના સખ્ત બંદોબસ્તને કારણે તેમને સરકીટ હાઉસમાં પ્રવેશવા દેવાયા ન હતા.બીજી તરફ મોતીપુરા વિસ્તારમાં નવા જિલ્લા પંચાયત ભવન પાસે સાંસદ દિપસિંહ રાઠોડ પોતાના કાર્યાલયમાં આવીને બહાર નીકળતા હતા ત્યારે અચાનક જ પાટીદાર મહિલાઓનું ટોળુ તેમની પાસે ધસી ગયું હતું.

જયાં તેમની કારના ટાયરમાંથી કેટલીક મહિલાઓએ હવા કાઢી નાખી હતી. જેથી સાંસદ દિપસિંહ રાઠોડ તરત જ નીચે ઉતર્યા હતા. જયાં મહિલાઓએ સૂત્રોચ્ચાર કરી જણાવ્યું હતું કે તમે પાટીદાર અનામત આંદોલનને ટેકો જાહેર કરો. જે અંગે દિપસિંહ રાઠોડે તરત જ હું પાટીદાર અનામત આંદોલનને ટેકો જાહેર કરું છુ તથા ગુજરાતમાં પાટીદારો પર થયેલા પોલીસ દમન અંગે સંસદમાં અવાજ ઉઠાવવાની ખાતરી આપી હતી તેવું લખાણ પોતાના જ લેટર પેટ પર આપી દીધું હતું. જેના કારણે જિલ્લાનું રાજકારણ ફરીથી ગરમાયું છે. જોકે સાંસદની આ નીતિ-રીતિને લોકો પોતાની મનસુફી રીતે મુલવી રહ્યા છે.

## હિંમતનગર માર્કેટયાર્ડમાં બે બેઠકો બિનહરિફ બની

હિંમતનગર, તા. ૧૮

હિંમતનગર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના હોદ્દારોની ચૂંટણી તા. ૨૮ સપ્ટેમ્બરે યોજાનાર છે ત્યારે શુક્રવારે સહકાર વિભાગની બે બેઠક બિનહરીફ જાહેર થઈ છે.જ્યારે વેપારી અને ખેડૂત વિભાગમાં ચૂંટણી લડવા માંગતા ૨૬ ઉમેદવારો વચ્ચે જંગ જામશે. હિંમતનગર માર્કેટયાર્ડની ચૂંટણી સંદર્ભે શુક્રવારે ઉમેદવારીપત્રો પરત ખેંચવાની સમય મર્યાદા પૂર્ણ થયા બાદ સહકાર વિભાગમાં ચેરમેન જેઠાભાઈ પ્રભુદાસ પટેલ અને બાબુભાઈ મુળજીભાઈ પટેલની સામે કોઈ ઉમેદવારીપત્રો ન ભરાતા તેઓ બિનહરિફ જાહેર થયા છે.

જ્યારે ખેડૂત વિભાગ માટે ૧૮ અને વેપારી વિભાગ માટે ૮ ઉમેદવારો ચૂંટણી જંગમાં રહ્યા છે. જેથી ખેડૂત વિભાગના ૯૬૫ જ્યારે વેપારી વિભાગના ૭૪૫ મતદારો પોતાના પ્રતિનિધિ પસંદ કરવા માટે તા. ૨૮ સપ્ટેમ્બરે મતદાન કરશે.

## બારસોલ કંપામાં કૂવા પરથી ઈલેટ્રીક મોટર, વાયર ચોરાયા

ખેડબ્રહ્મા તાલુકાના બારસોલ કંપામાં કોઈ ચોર ઈસમો ઈલે. મોટર, વાયર, પાઈપ ચોરી જતા તે અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાઈ હતી. ખેડબ્રહ્મા બારસોલ કંપામાં સોમવાર રાત્રીના સમયે પ્રવિણભાઈ બાબુભાઈ પટેલના કૂવા પર ફીટ કરેલ ઈલેક્ટ્રીક મોટર, વાયર તથા પાઈપ કિંમત રૂ. ૧૫૦૦૦ તેમજ શાંતિલાલ શિવલાલ પટેલના બોર પરથી એચડીપી પાઈપ તથા વાયર કિંમત રૂ. ૧૦,૦૦૦ મળી કુલ રૂ. ૨૫,૦૦૦ની ચોર ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે પ્રવિણભાઈ પટેલે અજાણ્યા ચોર ઈસમો વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી.

# પ્રાંતિજમાં જુગાર સ્થળ પર પોલીસનો દરોડો

પ્રાંતિજ,તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ગ્રેડ પાસે જુગાર રમતા છ જુગારીઓમાંથી એક જુગારી પોલીસ પંજામાં આવી ગયો હતો જ્યારે પાંચ ભાગી ગયા હતા.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ સાંપડના ગ્રેડ ગામ નજીક બુધવારના રોજ હિંમતનગર પોલીસ રાઉન્ડ દરમ્યાન દૂરથી જુગાર રમતો હોય તેવું લાગતા પાસે જતાં જુગારીઓ દ્વારા પોલીસ આવવાની ખબર પડતાં જુગારની રકમ ગંજીપાના મુકીને ભાગતા હતા તે દરમ્યાન પોલીસના હાથમાં એક જુગારી આવી ગયો હતો.

જ્યારે ગંજીના પાના નંગ-૫૨ પકડાયેલા જુગારી પાસેથી ૭૦૦ રૂપિયા તથા ૧૮૦૦ રૂપિયા જુગાર સ્થળેથી તથા એક મોબાઈલ સેમસંગ નંગ-૧ જેની કિંમત ૫૦૦ રૂપિયા મળી કુલ ૩ હજારનો મુદ્દામાલ પોલીસે કબજે કરેલ છે.

જ્યારે એ.એસ. મદનભાઈ નાયબ પોલીસ હિંમતનગરની ફરીયાદના આધારે પ્રાંતિજ પોલીસે છ જુગારીઓ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જેમાં દાઉદ ઉસ્માનભાઈ શેખ રહે. હડયોળ પુલ છાપડા હિંમતનગર, દિલીપસિંહ ભુપતભાઈ રાઠોડ રહે. ગ્રેડ તા. પ્રાંતિજ, ઈરફાન ઉર્ફે કુંદન ફકીરમહંમદ શેખ રહે. હિંમતનગર, બિપીનભાઈ રહીમ વોરા મામો જ્યારે ૨ થી ૬ જુગારીઓ પોલીસ જોતા જ સ્થળ ઉપરથી ભાગી ગયા હતા અને ૪ થી ૬ ના નામ સરનામા પણ પુરા મળ્યા નથી. ત્યારે પ્રાંતિજ પોલીસે અન્ય પાંચ જુગારીઓ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ભિલોડામાં ઠાકોર સમાજનું સંમેલન યોજાયું





મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકા ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા નારણપુર-નારસોલી ગામમાં ઠાકોર સમાજનું મહાસંમેલન યોજાયું હતું. ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના આગેવાનો અને સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ઠાકોર સમાજના અગ્રણીઓ, હોદ્દેદારો, સામાજીક કાર્યકરો, ઠાકોર સમાજના જાગૃત પ્રજાજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના ઉપપ્રમુખ રાજભા ઠાકોરે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, ઠાકોર સમાજમાં જનજાગૃતીની તાતી જરૂરીયાત છે. ઠાકોર સમાજના પ્રજાજનોને એક તાંતણે બાંધવા અને ગામે ગામ સંગઠન વધુમાં વધુ મજબુત બનાવવા હાંકલ કરી હતી. ઠાકોર સમાજના ઠેર-ઠેર મહાસંમેલનોના કાર્યક્રમો કરવા તેવું આયોજન કરી રહ્યા છે. ઠાકોર સમાજના લોકો દારૂ, બીડી, સીગારેટ,તમાકુ, ગુટખા સહિત વિવિધ પ્રકારના વ્યસનો બંધ કરવા હાંકલ કરાઈ હતી. ઠાકોર સમાજમાં અંધશ્રદ્ધાનું પ્રમાણ વધુ હોય છે ત્યારે કહ્યું હતું કે, શ્રદ્ધા રાખો પણ અંધશ્રદ્ધા ના રાખો. ઠાકોર સમાજમાં કુરીવાજો બંધ કરવા હાંકલ કરાઈ હતી. ઠાકોર સમાજ આર્થિક રીતે વધુમાં વધુ સક્ષમ બને અને આર્થિક રીતે વધુ મજબુત બને તેવા ભગીરથ પ્રયાસો હાથ ધરવા જોઈએ. ઠાકોર સમાજના હોંશીયાર, બુદ્ધિજીવી, ખમીરવંતા વિદ્યાર્થી બાળકોને વધુમાં વધુ ભણાવો જેના ઉપર મુખ્ય ભાર મુકાયો હતો. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા સહિત ભિલોડા તાલુકાના ગામે-ગામના ઠાકોર સમાજના અગ્રણીઓ, આગેવાનો ઠાકોર સમાજના મહાસંમેલનમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા તાલુકા ક્ષત્રિય ઠાકોર સેના આયોજીત મહાસંમેલન કાર્યક્રમ દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના માટે પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

# મેઘરજના બોરીસા ગામના ખેડૂત પરિવાર પર વીજળી પડતા કિશોરનું મોત : બે ગંભીર રીતે ઈજાગ્રસ્ત

(તસવીર : જય અમીન, મોડાસા)





અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો આવ્યા બાદ વરસાદના ઝાપટા પડ્યા હતા. જ્યારે મેઘરજ તાલુકા અને બોરીસામાં ગાજવીજ અને વીજળીના કડાકાઓ સાથે વરસાદ શરૂ થયો હતો. બોરીસા ગામના ખેતી કરી ગુજરાત ચલાવતા દિનેશભાઈ કાળાભાઈના બે પુત્રો અને દાદા પોતાના ઘરની ઓસરીમાં બેઠા હતા ત્યારે આકાશમાંથી એકાએક વીજ પડતાં ડામોર મયુરભાઈ દિનેશભાઈ (ઉં.વ. ૭)નું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે તેના મોટા ભાઈ અશોક દિનેશભાઈ ડામોર (ઉં.વ. ૯) અને તેના દાદા કાળાભાઈ વેચાતભાઈ ડામોર (ઉં.વ.૬૦)ને ગંભીર ઈજાઓ થતાં સારવાર મેઘરજ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડાયા હતા. ખેતમજૂર પરિવાર પર આભ તુટી પડ્યું હતું. મેઘરજ તાલુકામાં વીજળી પડતાં કિશોરનું મોત નિપજતાં શોકની લાગણી ફેલાઈ હતી.

# શામળાજી ચેક પોસ્ટ પર એસીબીની ટ્રેપ

## આરટીઓ ઈન્સ્પેક્ટર સહિત પાચ સામે ફરિયાદ : ૪૪ હજારની રોકડ જપ્ત

મોડાસા, તા. ૧૮

રાજ્યની બીજા નંબરની સૌથી મોટી ચેકપોસ્ટ ગણતા શામળાજી ચેકપોસ્ટ પર એસીબીની ટીમે છટકુ ગોઠવી બે ગાડી - બે ઓપરેટર અને એક અધિકારી મળી પાંચ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. એસીબીની ટીમે ટ્રેપમાં રૂ. ૪૪ હજારની રોકડ રકમ પણ જપ્ત કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લીના શામળાજી નજીક ગુજરાત અને રાજસ્થાન રાજ્યની સરહદ પર મહત્વની આરટીઓ ચેક પોસ્ટ આવેલી છે. જ્યાં દરરોજ હજારોની સંખ્યામાં માલ સામાન ભરી પર પ્રાંતિય ટ્રકો-ટ્રેલરો અવરજવર કરે છે. આ આરટીઓ ચેક પોસ્ટ પર કામ કરતા આરટીઓ અધિકારીઓ પરપ્રાંતિય ટ્રકોના ચાલકો પાસે રૂપિયા લઈને જ પસાર થવા દે છે તેવી અનેક ફરિયાદો ઉઠવા પામી હતી. ત્યારે અમદાવાદ અને ગાંધીનગરની એસીબીની ટીમે છટકુ ગોઠવ્યું હતું.

આ છટકામાં એસીબીના અધિકારીએ પરપ્રાંતિય ટ્રકમાં પેસેન્જર બની બેસી ગયા હતા અને ટ્રકચાલકને નિશાનીવાળી ચલણી નોટો આપી હતી. ટ્રકચાલકે આ ચેકપોસ્ટ પર આવતા ફોલ્ડરીયાઓ દ્વારા રૂ. ૨૫૦૦ની માંગણી કરી હતી. આથી ટ્રક ચાલકે નિશાનીવાળી ચલણી નોટો ફોલ્ડરને આપતા એસીબીની ટીમે તેને રંગે હાથ ઝડપી પાડ્યો હતો. એસીબીએ પુછપરછ કરતા આ ઉઘરાણુ આરટીઓ ઈન્સ્પેક્ટર પ્રજાપતિના કહેવાથી કરતા હોવાની કબુલાત કરી હતી. એસીબીની ટીમે રૂ. ૪૪ હજારની રોકડ રકમ જપ્ત કરી હતી અને આરટીઓ ઈન્સ્પેક્ટર પ્રજાપતિ તેના બે ફોલ્ડર અને બે ઓપરેટરો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



**મોડાસા ટેક્સી એસોસિએશને શ્રાવણના અંતિમ દિને સ્થાનિકોને ભોજન પિરસ્યુ**

મોડાસા ચાર રસ્તા નજીક ટેક્સી એસોસીએશન મોડાસા દ્વારા શ્રાવણ માસની ઉજવણી નિમિત્તે છેલ્લા દિવસે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં હિન્દુ મુસલમાન જીપ ચાલકોએ કોમી-એખલાસના દશ્યો તાદશ્ય કરતાં હિન્દુઓના પવિત્ર શ્રાવણ માસમાં ૩૦૦ લોકોને(જરૂરીયાતમંદ) અને જીપચાલકો અને કંડક્ટરોએ સાથે ભોજન લીધુ હતુ. (તસવીર : જય અમીન, મોડાસા)

# પ્રાંતિજમાં ઠેર ઠેર દુંદાળા દેવની સ્થાપના

પ્રાંતિજ,તા. ૧૮

સાબરકાંઠા જિલ્લા સહિત જિલ્લાઓમાં ગણેશ મહોત્સવની દર વર્ષની જેમ ગણેશ મહોત્સવની ઉંમગભેર ઉજવણી કરવામાં આવી છે. લાવવા માટે વિવિધ યુવક મંડળો દ્વારા ઢોલ નગારા ડીઝેના તાલ સાથે લઈ જવામાં આવ્યા હતા.

જ્યારે આંટીવાસ યુવક મંડળ દ્વારા ગણપતિ બાપ્પાની મૂર્તિનો વરઘોડો



જેમાં પ્રાંતિજ ખાતે પણ ઠેરઠેર ગણપતિ બાપ્પા મોરિયાના જયઘોષ સાથે ઘરે ઘરે તથા વિવિધ યુવક મંડળો દ્વારા સાર્વજનિક સ્થાપના કરવામાં આવી છે. પ્રાંતિજ ખાતે દર વર્ષની જેમ ગણપતિ દાદાની મૂર્તિઓને તેમનાં પંડાવ સુધી ગામમાં ફેરવી દર વર્ષની જેમ વાજતે ગાજતે ડીઝેના સંગ સાથે પંડાવ સુધી લઈ જવામાં આવી હતી. દસ દિવસે માટે સ્થાપના કરવામાં આવી હતી. ગણેશ ભક્તો સહિત ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



**ખેડબ્રહ્મામાં ધામધૂમથી ગણેશ સ્થાપન**

ખેડબ્રહ્મા શહેરમાં ગુરૂવારે ધામધૂમથી ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. ખેડબ્રહ્માના ગામ વિસ્તારમાં પટેલ શામળભાઈ સવજીભાઈના ઘરેથી ગણપતિની પૂજા અર્ચના કરી વાજતે ગાજતે શુશોભીત ટ્રેક્ટરમાં ગણપતિની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જે બસ સ્ટેશન થઈ બ્રહ્માજી ચોકમાં ગણપતિને બીરાજમાન કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રામાભાઈ સવજીભાઈ પટેલ ગોપાલભાઈ પટેલ, મહેશભાઈ, ભરતભાઈ સહિત મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શહેરમાં કાશી વિશ્વનાથથ મંદિર, માણેકચોક, સરદારચોક, સુરતીકંપા, નવામારવા, ચાંપલપુર સહિત ૨૦ જગ્યા પર સાર્વજનીક ગણપતિનું સ્થાનપ કરવામાં આવ્યું હતું. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# રતનપુર ચેક પોસ્ટ પાસેથી ૩૨ લાખનો વિદેશી દારૂ સાથે બે બુટલેગરો ઝડપાયા

શામળાજી, તા. ૧૮

ગુજરાત રાજ્યમાં દારૂબંધીનો ભરપૂર ફાયદો બુટલેગરો દ્વારા ઉઠાવી ગેરકાયદેસર વિદેશી દારૂનો વેપલો કરી નાણા રડી લેવા સતત



દારૂની હેરાફેરી યેનકેન પ્રકારે કરી રહ્યા છે. શામળાજી પોલીસ આરટીઓ ચેકપોસ્ટ રતનપુર નજીકથી મંગળવારે રાત્રે રાજસ્થાન તરફથી વિદેશી દારૂનો ૩૨ લાખનો જથ્થો ભરીને આવતી ટ્રકને પકડી પાડી હતી. શામળાજી પોલીસે બે શખ્સોની ધરપકડકરી પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બે આરોપીઓને ઝડપી પાડી જેલના હવાલે ધકેલી દીધા હતા.

ભિલોડા તાલુકાના શામળાજીથી ગુજરાત રાજ્યમાં વિદેશી દારૂ ઘુસાડવામાં આવી રહ્યો છે. શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. આર.ટી. ઉદાવત તેમના સ્ટાફ સાથે મંગળવારે આરટીઓ ચેકપોસ્ટ રતનપુર નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરતાં રાજસ્થાન તરફથી એક ટ્રકમાં (આર.જે. ૧૩જીએ-૧૨૪૮)ની તલાશી હાથ ધરતાં ટ્રક ઉપર તાડપત્રી ખોલી જોતાં ભુસાના કોથળા નીચે સંતાડેલો ૩૧.૯૨ લાખની વિદેશી દારૂની ૭૨૫ પેટીઓ મળી આવી હતી. શામળાજી પોલીસે મોબાઈલ ફોન નંગ ૧ કિંમત રૂ. ૫૦૦, તાડપત્રી કિંમત રૂ. ૧૦૦૦ અને ટ્રકની કિંમત રૂ. ૧૦ લાખ મળી કુલ ૪૧૯૩૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર વિદેશી દારૂ ઘુસાડવાના ગુન્હામાં રાકેશકુમાર દેવરાજ ઓડ (ગડાઈ) તેમજ રાજુ પપ્પુરામ ઓડ (ગડાઈ) બન્ને રહે. બલવાના કોલોની તા. બોર, જી. ફાજલમાં પંજાબ)ની ધરપકડ કરી પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા. જ્યારે અન્ય એક મદદગારી કરનાર શખ્સ જસ્કરનસીંગ સુદાગરસીંગ વાલા (તા.જી. સુરતગઢ) રાજસ્થાનને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરી ત્રણેય આરોપીઓ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

(તસવીર : ધ્રુવ પ્રણામી શામળાજી)



**ખેડબ્રહ્મામાં ભાજપ દ્વારા સ્વચ્છતા અભિયાન**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મ દિવસે ખેડબ્રહ્મા ભારતીય પાર્ટી સંગઠન દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત શહેરના વોર્ડ નં. ૪માં સફાઈ કરવામાં આવી હતી. આ પ્રસંગે શહેર પ્રમુખ નારાયણદાસ બારોટ, ઉપપ્રમુખ કમલેશભાઈ, મહામંત્રી વિજયભાઈ ત્રિવેદી, ધર્મેન્દ્ર મહેતા તથા નગરપાલીકાના સદસ્યોએ સફાઈ કરી હતી. (તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# સિદ્ધપુર એસ.ટી. ડેપોના અણઘડ વહીવટના કારણે મુસાફર જનતામાં ભારે રોષની લાગણી ફેલાઈ

## અસંખ્ય બસો બંધ કરી દેતા તેમજ રૂટ ટુંકાવતા ભારે મુશ્કેલી

ઊંઝા, તા. ૧૮

જેશના અને રાજ્યના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળોમાં જેની ગણના થાય છે તે ઉત્તર ગુજરાતના અરવલ્લી નદીના કિનારે વસેલા તીર્થસ્થળ સિદ્ધપુર એસ.ટી. ડેપોના અણઘડ વહિવટના કારણે કેટલીક વર્ષો જૂની એક્સપ્રેસ બસોને બંધ કરી દેતાં તેમજ રૂટ ટુંકાવી નાંખતા મુસાફર જનતામાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.

યાત્રાધામ સિદ્ધપુર ખાતે આવેલ વર્ષો જૂનું બસ મથક મુસાફરો માટે ત્રાસરૂપ બની રહ્યાની બૂમરાણ ઉઠી છે. તાજેતરમાં એસ.ટી.ના સત્તાધિશોએ કોણ જાણે કેમ મુસાફર જનતાની સગવડોને કોરાણે મુકવાનું શરૂ કર્યું હોય તેમ સિદ્ધપુર ડેપો સંચાલિત સિદ્ધપુર-ઉકાઈની વર્ષો જૂની એક્સપ્રેસ બસ સર્વિસ બંધ કરીને પાલનપુર ડેપોને સોંપી દીધી છે. બપોરની સિદ્ધપુર-પાવાગઢ, સાંજની સિદ્ધપુર-સુરત, ડીસા-બોડેલી, સિદ્ધપુર-બોડેલી વગેરે થયેલી સારી આવક આપતી બસ સર્વિસો બંધ કરી દીધેલ છે. આ ઉપરાંત સવારની કચ્છના યાત્રાધામ માતાના મઠને જોડતી એક્સપ્રેસ બસને ટુંકાવીને નખત્રાણા સુધી કરી નાંખી છે. આ બસને નખત્રાણા સુધી કરતાં ઊંઝા ડેપો સંચાલિત ઊંઝા-નખત્રાણા સ્લીપર કોચ બસને મુસાફરો ન મળવાની તથા આવક ઘટવાની શક્યતા ઉભી થઈ છે.

એસ.ટી. તંત્ર દ્વારા મુસાફરોને સારી બસ સગવડ પુરી પાડવાના પ્રયાસો થાય છે. ત્યારે નિગમના સિદ્ધપુર એસ.ટી. ડેપો સંચાલિત કેટલીક લાંબા અંતરની સારી આવક આપતી બસ સર્વિસોને બંધ કરીને તેમજ કેટલીક બસોના રૂટ ટુંકાવીને મુસાફરોની સગવડ છીનવી લેવાના વલમ સામે મુસાફરોને પારાવાર હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.